આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : 20-08-2024                    સમય : સાંજે 6.25 વાગ્યે

---

## ગુજરાત વિધાનસભા સત્ર

ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનુ ચોમાસુ સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે.  પંદરમી વિધાનસભાના પાંચમુ સત્ર 21 થી 23 એમ ત્રણ દિવસનુ રહેશે. આ ત્રણ દિવસના આ સત્રના પ્રથમ દિવસે શરૂઆતમાં ગુજરાત વિધાનસભામાં પૂર્વ ધારાસભ્યો અને અન્ય રાજકીય- સામાજીક  આગેવાનોના નિધન અંગે શોકદર્શક ઠરાવ પસાર કરીને તેમને શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે..આ શોકદર્શક ઠરાવો બાદ સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે.. પહેલા દિવસે બે સત્રમાં કામગીરી કરવામાં આવશે. જ્યારે ગુરૂવાર એટલે કે સત્રના બીજા દિવસે સરકારી વિધેયકો રજૂ કરવામાં આવશે અને ગૃહના કામકાજના સમય દરમિયાન આ કામગીરી અને વિધયકો ઉપર ચર્ચા કરવામાં આવશે જ્યારે સત્રના ત્રીજા અને અંતિમ દિવસે સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે જ્યારે અંતિમ  સત્રમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરીને ગૃહનું સમાપન કરવામાં આવશે.

RNU અમદાવાદ

---

## ગાંધીનગર : નેશનલ સ્પેસ ડે

ભારતમાં ગત વર્ષે 'ચંદ્રયાન-૩' મિશનની સફળતાના પરિણામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દર વર્ષે ૨૩મી ઓગસ્ટે 'નેશનલ સ્પેસ ડે' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. જેના ભાગરૂપે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી- NFSU ગાંધીનગર, ખાતે 'નેશનલ સ્પેસ ડે'ના ઉપલક્ષ્યમાં એક દિવસીય 'વર્કશોપ' યોજાયો હતો.

RNU અમદાવાદ

---

## શ્રેષ્ઠ શિક્ષક જ્ય પારિતોષિક-2024

દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના શૈક્ષણિકક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનાર શિક્ષકોને “શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ”થી સન્માનિત કરવામાં આવે છે. તે મુજબ વર્ષ 2024 મા રાજ્યમાં 28 શિક્ષકોને પસંદ કરાયા છે. જેમને આગામી ૫ સપ્ટેમ્બર શિક્ષક દિને સન્માનવામાં આવશે. તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ યોજના અંતર્ગત આ વર્ષે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગનાં ત્રણ એચ ટાટ એટલે કે, મુખ્યશિક્ષક, પ્રાથમિક વિભાગના 14 શિક્ષક, શિક્ષણ વિભાગના 6, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

શાળાના 4 આચાર્ય તેમ જ એક BRC સહ-સંયોજક એમ મળીને કુલ 28 શિક્ષકને ‘શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ-2024 જાહેર કરાયા છે.

જમાં કચ્છ જિલ્લામાં ત્રણ શિક્ષકોનો સમાવેશ થાય છે. પ્રાથમિક વિભાગમાં એચટાટ આચાર્ય ગાયત્રીનગર પ્રા.શાળાના શ્રી લાખાભાઇ રબારી, માધ્યમિક વિભાગમાં એમએસવી હાઇસ્કૂલ-માધાપરના શિક્ષક શ્રી દિનેશકુમાર ડાકી, મા. ઉચ્ચ મા.આચાર્ય ખીમજી રામદાસ માંડવીના આચાર્ય શ્રી હંસાબેન પંડ્યાની પસંદગી થતા તેમને અભિનંદન મળી રહ્યા છે.

RNU અમદાવાદ / N.P./ જાગૃતિ વકીલ

-------------------------------------------------------------------

## હોમગાર્ડસ કચ્છ

પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડઝ કચેરીના તાબા હેઠળના હોમગાર્ડઝ યુનિટના સભ્યો દ્વારા કરવામાં આવેલા બહાદુરસી અને પ્રામાણિકતા દાખવનાર હોમગાર્ડઝ સભ્યોના સન્માન સમારોહનું અને પ્રથમ સરસ્વતી સન્માન સમારંભનું આયોજન ભુજના ટાઉન હોલ ખાતે તા.22 ઓગસ્ટના સાંજે ૫:૩૦ કલાકે કરાયું છે. તેવું પ.ક. જિલ્લા હોમગાર્ડઝ કચેરીની યાદીમાં જણાવાયું છે. જેમાં જિલ્લામાં અભ્યાસ કરતા હોમગાર્ડઝ સભ્યોના તેજસ્વી બાળકોનું સન્માન કરાશે.

N.P./ જાગૃતિ વકીલ

-------------------------------------------------------------------

## કચ્છ સંગ્રાહલય : ફોટોગ્રાફી પ્રદર્શન

કચ્છ સંગ્રહાલય, ભુજ દ્વારા આઝાદીના અમૃત કાળ દરમિયાન આંતરરાષ્ટ્રીય યુવા દિવસ, સ્વતંત્રતા દિવસ તથા વિશ્વ ફોટોગ્રાફી દિવસને સાંકળીને કચ્છ સંગ્રહાલય, ભુજ દ્વારા 'મારુ કચ્છ : કલા, કલાકાર અથવા કારીગર સાથે આખો દિવસ' વિષય પર ફોટોગ્રાફી હરીફાઈનું આયોજન કરાયું હતું. જેમાં આવેલી એન્ટ્રીમાંથી ફોટોગ્રાફી અને વિરાસત ક્ષેત્રના નિષ્ણાંત નિર્ણાયકોની સમિતી દ્વારા પંસદગી બેસ્ટ ફોટોગ્રાફસનું પ્રદર્શન આવતીકાલ ૨૧ ઓગસ્ટના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે કચ્છ સંગ્રહાલય ખાતે કચ્છ યુનિ. ભુજના કુલપતિશ્રી, ડો. મોહનભાઈ પટેલના હસ્તે નાગરિકો માટે ખુલ્લુ મુકવામાં આવશે. જે તા. ૨૨ થી ૨૪ સુધી સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી નિ:શુલ્ક જોવા મળશે. તેવું કયુરેકટર, કચ્છ સંગ્રહાલયની અખબારી યાદીમાં જણાવાયું છે.

માહિતી ખાતુ

---

## PGVCL કચ્છ : આધુનિક ટેકનોલોજી

ચોમાસા દરમિયાન વીજ સમસ્યાનું પ્રમાણ વધી જતા કચ્છમાં પીજીવીસીએલ દ્વારા પ્રથમ તબક્કે શહેરોમાં ફોલ્ટના મૂળ સુધી પહોંચી વીજ સમસ્યા નિવારવાના પ્રયત્નો કરાયા છે. હાલ ભુજ, મુન્દ્રા અને

માંડવીમાં દોઢ લાખ વીજ ગ્રાહકો માટે નવી ટેકનોલોજી અપનાવામાં આવી છે. જે અંતર્ગત 600 ટ્રાન્સફોર્મરમાં વર્ટીકલ બુટ લગાવાયા છે. તો સ્પાર્કને રોકવા 800 જોઇન્ટ વાયરોમાં વીજ કન્ડકટર લગાવી ગ્રામ્ય વિસ્તારમાં ધ્યાન અપાશે. જેથી ચોમાસા દરમિયાન સાતત્ય પૂર્ણ સરળ વીજ પુરવઠો જળવાઇ રહેશે. એવું પીજીવીસીએલ ભુજ સર્કલના અધિક્ષક ભરત રાઠોડે જણાવ્યું હતું.

N.P./ જાગૃતિ વકીલ

---

## કૃષિક્ષેત્રે : અદ્યતન ડ્રોન ટેકનોલોજી

કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગથી ખેડૂતોનો સમય અને નાણાની બચત થાય તે હેતુંથી સરકારશ્રી દ્વારા કૃષિ ક્ષેત્રમાં અધતન ડ્રોન ટેકનોલોજી યોજના અંતર્ગત ૯૦ ટકા અથવા વધુમાં વધુ રૂ. ૫૦૦ બે માંથી જે ઓછુ હોય તે રકમ પ્રતિ છંટકાવ મળવાપાત્ર થશે. ખાતાદીઠ પ્રતિ છંટકાવ વધુમાં વધુ પાંચ એકરની મર્યાદામાં સહાય મળવાપાત્ર રહેશે.આ યોજનાનો લાભ એટસોર્સ ઘટક તથા ઓનલાઇન આઇ-ખેડુત પોર્ટલ દ્વારા મેળવી શકાય છે. વધુ જાણકારી માટે જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવો.

માહિતી ખાતુ

---